# સમુદ્રની પટકથા

ગુજરાતી ભાષાના વાંચકો માટે એક અલગ પહેલ....સમુદ્રના વિવિધ જીવોની જીવન શૈલીનાં વર્ણનનો કઈંક અલગ અંદાજ

## ભાગ ૫ : "શાલિગ્રામ" એક જીવાશ્મ

કૃષ્ણ મંદિરે દર્શન કરવા ગયા ત્યારે કૃષ્ણ મૂર્તિની બાજુમાં મુકેલા અર્ધ ગોળાકાર, કાળા રંગનાં પથ્થર પર નજર ગઈ, જેની ઉપર આંખ અંકારેલી અને માથે ચક્ર કે શર્પકાર જેવો આકાર કંડારેલો/ઉપસેલ હતો. ત્યારે તો એવું લાગ્યું કે, કોઈ ધાર્મિક વસ્તુ હશે. પણ ખબર પડી કે એ પથ્થર "શાલિગ્રામ" નાં નામે ઓળખાય અને ભગવાન વિષ્ણુના પ્રતિક તરીકે પૂજાય. હવે પ્રશ્ન થશે કે સમુદ્ર પટકથામાં શાલિગ્રામની ધાર્મિક કથા ?. પણ શાલિગ્રામ ને જોયા બાદ એનાં આકારે મનમાં ઉભા કરેલ તરંગ અંતે સમુદ્રને જ મળ્યો.




ધાર્મિક દુકાનમાં શાલિગ્રામ લેવા ગયો ત્યાં દુકાનદારે કહ્યું કે આ સામાન્ય પથ્થર નથી અને ફક્ત નેપાળની નદીઓમાં જ મળે અને એ પણ ખુબ દુર્લભ હોય છે...! પાણીમાં રહેતો એક સુક્ષ્મ જીવ વજ્ર કિટક પત્થરમાં આ પ્રકારના વિવિધ આકારો કંડારે અને કંડારેલ આકારની આભા મુજબ એની કીમત વસુલાય. પણ આ એક ધાર્મિક કથા જ હતી. સાચી હકીકતે શાલિગ્રામ એટલે લાખો વર્ષ પહેલાનાં સમુદ્રી જીવના ખડક રૂપે સરક્ષિત અવશેષો....!



જે પ્રકારે આજે લાખો વર્ષ પહેલાના ડાયનાસોરનાં અવશેષો આજે દુનિયામાં વિવિધ સ્થળે ખોદાણમાં મળે. તે મુજબ તે સમયના મૃદુકાય (Mollusca), વર્ગ Cephalopoda માં સમાવિષ્ટ બાહ્ય કવચધારી સમુદ્રી જીવોના અવશેષો પણ આજે વિવિધ સ્થળોથી મળે. હિમાલયની ગીરીમાળાનું સર્જન ભૂસ્તરીય ઉથલપાથલની અને સમુદ્રની સમાધિને આભારી.

જે સમુદ્રમાં સમાધિ વશ થયેલ તે સમયના વિવિધ સમુદ્રી જીવોનાં અવશેષો ખડકમાં/પથ્થરમાં આજે પણ સરક્ષિત રહ્યા હશે. જે જેવાશ્મ નેપાળની ગીરીમાળાઓ માંથી વહેતી નદીનાં ધસમસતા પ્રવાહમાં ઘસડાઈને આવતા ખડકો/પથ્થરો રૂપે આપી છે.




એવું નથી કે આવા જીવાશ્મ ફક્ત નેપાળમાં જ મળે. પરતું વિશ્વનાં વિવિધ દેશોમાં ભૂસ્તરીય સર્વેક્ષણમાં પણ મળે છે. અને આકારમાં નખ જેટલા સુક્ષ્મથી લઇ ૪ ફુટ જેટલા વિશાળ. જેવી ખડક પ્રકૃતિમાં આ જીવાશ્મ સરક્ષિત થયા, એવા રંગ-તત્વનાં ગુણધર્મો એ અવશેષમાં જોવા મળે. ઇસ્ટ આફ્રિકાનાં પડોશી દેશ મેડાગાસ્કર માંથી મળતા Bumpy Douvilleiceras (Tractor Ammonite) અને Perisphinctes virguloides પ્રજાતિનાં અવશેષો પીળી માટી/ખડક વિસ્તાર સરક્ષિત થયા, તેથી રંગે પીળા અને સ્પર્શે ખરબચડા, જયારે તે જ દેશનાં અન્ય ભાગ માંથી મારબલ જેવા પથ્થર માંથી મળતા Cleoniceras cleon પ્રજાતિનાં અવશેષો મારબલ જેવા સુવાળા અને ચમકદાર, આજ મુજબ નેપાળમાંથી મળતા શાલિગ્રામ તરીકે ઓળખાતા કાળા રંગના Perisphinctes antecedens પ્રજાતિનાં અવશેષો કદાચિત જવાળામુખી લાવાનાં પત્થર તરીકે સરક્ષિત થયા હશે...?



આ જીવાશ્મ શાલિગ્રામની પિતરાઈ એટલે વર્તમાનમાં જોવા મળતી પ્રજાતિ Nautilus pompilius કે Argonauta argo. જયારે અન્ય તમામ શંખો કે છીપ સપાટી પર સરકી ને વિચરણ કરે કે એક જ સ્થળે સ્થિત જીવન વ્યતીત કરે, ત્યાં આ જાતિનાં જીવો બાહ્ય કવચ સહીત પાણીમાં તરી શકે એવું અનોખું ખંડોમાં વિભાજીત અને વજનમાં હલકું બાહ્ય કવચની ધરાવે. આવા અનોખા જીવો સહીતની તે યુગની સમુદ્ર જીવ સૃષ્ટીનાં કેવી સમૃદ્ધ હશે.,,!

હવે વાત રહી ધાર્મિક મહત્વની, તો સજીવ તરીકે વૃક્ષમાં પીપળો-અડંગતાનું , છોડમાં તુલસી-આયુર્વેદનું, ઘાસમાં દર્ભ-કઠિનતાનું અને નિર્જીવમાં શાલિગ્રામ- અનંત કાળ પહેલાનાં અસ્તિત્વનું પ્રતિક તરીકે ધાર્મિક ગ્રંથોમાં રૂપાત્મક દર્શાવવામાં આવ્યા હશે. જેમ કોઈ સર્જનકારનાં ટૂકા પરિચય માટે તેના મહાન અને પરિચિત સર્જનનો ઉલ્લેખ કરવામાં આવે. આમ કદાચિત સર્જનહાર વિષ્ણુનાં વર્ણન માટે પણ આ રૂપક હોઈ શકે...!

બાકી સર્જનહારની રચનાતો અદ્વિતીય અને અનંત...ખરું ને...?

https://conchology.co.in

www.facebook.com/conchology.co.in

- મેહુલ & હિરલ

તા.૦૧/૦૭/૨૦૨૦